# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૯૨ • તા.૧૩ જાન્યુઆરી થી ૧૯ જાન્યુઆરી ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.







# શ્રી ક.દ.ઓ. જૈન સાંધવ મહાજન દ્વારા

# હસ્તિનાપુર યાત્રા પ્રવાસ

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# ગામડાંઓ પરિવર્તનની પગથારે

આજે પરિવર્તનનો દોર છે. ગામડા તૂટીને શહેર બની રહ્યાં છે અને શહેર મહાનગરમાં પરિવર્તિત થઈ રહ્યાં છે. ખરૂં કહીએતો હવે ગામડાં અગાઉના જમાના જેવા ગામડાં રહ્યાં નથી પણ આધુનિક માર્ડન ટેકનોલોજીનાં ઉપયોગ કરતા ગામડાંઓ થઈ રહ્યાં છે. ઘરોઘરમાં વીજળી, પાણીના નળ આવી ગયા છે. બસ વ્યવહાર આજુબાજુના શહેરો, તાલુકા, જિલ્લા મથકોને જોડે છે. ડામરની સડકો નિર્માણ થઈ છે. દરેક ઘરોમાં પહેલા બળદગાડા હતા, સાઈકલો રહેતી હવે ટૂ વ્હીલરને ફોર વ્હીલર ઘર આંગણે ઊભી રહે છે. અગાઉ ગામમાં પાંચ ધોરણ સુધીની પ્રાથમિક શાળાઓ હતી હવે દસમા ધોરણ સુધી કે બારમા ધોરણ સુધીની શાળાઓ ભણતર પ્રદાન કરે છે. આમ જમાના અનુસાર ગામડાઓની સિકલ બદલાઈ ગઈ છે.

આપમા વડીલો સંયુક્ત પરિવારમાં ઉછરેલા હતા. કુટુંબના માવતરોને વડીલોને દરેક સભ્યો આદરપૂર્વક સંભાળ લેતા, જતન કરતા અને તેમની સેવા ચાકરી કરતાં ગામમાં જ રસકસની દુકાન હોય, શાકભાજીની નાની હાટડી હોય કે અન્ય ચીજ વસ્તુ કે ફરસાણ-મીઠાઈની નાની દુકાન હોય તો ખેતીવાડીની જમીનમાં ઉપજ લઈ શાંતિ સુખથી ગુજારો કરતા. સંજોગો વશાત વધુ કમાણી માટે ગામ છોડવું પડે તો પોતે એકલા જતા. પાછળ પરિવાર ગામડે રખાતા વાર, તહેવારે સારા નરસા ટાણે ગામનો ફેરો કરી જતાં દેશાવરમાં વસીને દેશને ભૂલ્યા ન હતા. મૂળિયા મૂળગામમાં જાળવીને વિકાસ કર્યો, પ્રગતિ કરી, ધમધોકાર કમાણી કરી પણ હવેની જનરેશન ભલે શહેર-મહાનગરમાં જન્મી, ઉછરી, કેળવણીને તાલીમ પામી શિક્ષિત થઈ છે. પણ પોતાના મૂળ ગામે સહેલાઈથી જતી નથી. જો જાય તો મજબૂરી વશ. આ એટિટ્યૂટ ઘણી જ્ઞાતિઓ હવે વધી રહ્યો છે. ગામડાનું શાંત જીવન, પાંખી વસ્તી, અપરિચિત માહોલ, વાહન વ્યવહારના ઓછા અપૂરતા સાધનો, હરવા ફરવાના કે મનોરંજન માટેના કોઈ સ્થળો ન હોવાના અભાવને લીધે આજના સુશિક્ષિત બાળકો વતને જવાનું કરતા નથી.

આપણી જ્ઞાતિની અઢળક વસ્તી હતી એ ગામોમાં નામ માત્રના ઘર પરિવાર રહે છે. ભવ્ય વિશાળ ઐતિહાસિક વીરાસત ધરાવતા જિનાલય હોય છે પણ રોજે રોજ ધર્મ, સેવાને ભક્તિ કરવા માટે અવરજવર થાય એની રાહ જોવાતી હોય છે. એટલું સારૂ છે કે સમયે સમયે ગામમાં ઉત્સવ, ઓચ્છવ અને તહેવારોની ઉજવણી ટાણે, દેશ-દેશાવરથી પરિવાર સાથે સૌ આવીને જોડાતા રહેતા હોવાથી તાત્પૂરતી વસતી લાગતી હોય છે. ત્યાર પછી ફરી સૂમસામ માહોલ થઈ જાય છે.

જ્ઞાતિ સમાજના બહુધા પરિવારો અનુકુળતા કરી ચાતુર્માસ, પર્યુષણને પહેડી, ધજા મહોત્સવમાં સહભાગી થવા વતનમાં જાય છે. કોઈક વરસમાં બે ચારવાર જાય છે. પરિવાર મોભીઓ સ્ત્રીવર્ગ પણ સાથે જઈ લાભ લે છે. પણ કુટુંબની યુવા પેઢી પણ જો અમૂક તેમની સાથે જાય તો વતનની સુગંધ પામી ધન્યતા અનુભવે. સ્થાનિકજનો સાથે ઘરોબો બંધાય. ગ્રામ્ય સંસ્કૃતિનો પરિચય થાય. યુવાનોના નવા નવા વિચારથી ગામમાં પણ કઈ પરિવર્તન થાય. સમય સંજોગો અનુકુળ કરી યુવાનો વરસમાં એક કે બે વાર આવી રીતે ગામડાંઓમાં જાય તો ગામવાસીઓ સાથે નાતો કેળવાય. ગામો તૂટતા આપણે ભલે રોકી ન શકીએ પણ, ગામમાં કંઈ નવું પરિવર્તન કરવા આપણા વિચાર જરૂર કામ આવે.

– જય જ્ઞાતિમૈયા

# અતિ આરામનો લોભ આળસને જન્મ આપે છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આઈટી કંપની ઈન્ફોસિસના ફાઉન્ડર નારાયણ મૂર્તિ સાદા, સરળ, નમ્ર સાથો સાથ ઈનોવેટિવ દિમાગના માલિક છે. ઈન્ફર્મેશન ટેકનોલોજીના ખેરખાં એવા નારાયણ મૂર્તિ સામાજિક સેવાનો ઉત્તરદાયિત્વ નિભાવવામાં પણ પાછળ પડતા નથી થોડા સમય અગાઉ તેમણે એક નિવેદન કરીને ભારતભરમાં એક બહસને જન્મ આપ્યો. તેમણે દેશની યુવા પેઢી માટે સંદેશો આપતાં ઈન્ફોસિસના પૂર્વ સીએફઓ મોહનદાસ પઈના પોડકાસ્ટ પર કહ્યું હતું કે ભારતના યુવાઓએ સપ્તાહના ૭૦ કલાક કામ કરવા જોઈએ. ભારતમાં સોમથી શનિના છ દિવસ કામના ગણીએ તો નારાયણ મૂર્તિએ આપેલ સલાહ મુજબ દર દિવસે ૧૨ કલાક જેટલા કામમાં વિતાવવા જોઈએ. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગનાઈઝેશનના લેટેસ્ટ મુજબ ભારતીયો સપ્તાહનાના સરેરાશ ૪૭.૭ કલાક કામ કરે છે. વિશ્વની મોટી અર્થ વ્યવસ્થાના ઘણી અમેરિકામાં સરેરાશ ૩૬-૩ કલાક જાપાનમાં ૩૬.૩ કલાક, જર્મનીમાં ૩૪.૩ કલાક અને ઉત્પાદનને લઈને ભારત જેની સાથે હરીફાઈ કરવા દોટ મૂકે છે એ ચીનમાં સપ્તાહના સરેરાશ ૪૬.૧ કલાક કામ કરે છે.

વડાપ્રધાનનું લક્ષ્ય વિશ્વની ત્રીજી અર્થ વ્યવસ્થા ધરાવવાનું છે એ માટે તનતોડ મહેનત માટે નારાયણ મૂર્તિએ માટે યુવા પેઢીને કહ્યું. કામ કરે એને આરામ મળવું જરૂરી છે. પણ આરામ માણસના સૌથી મોટો શત્રુ આળસમાં પરિવર્તિત ન થાય એ પણ ધ્યાન રાખવું જરૂરી છે. આરામ એ કામ માટે સ્પીડ બ્રેકરનું કામ કરે છે જ્યારે આળસ કામ પર સ્ટોપર લગાવે છે. તેને લીધે કામની ગતિ સમૂળગી બંધ થઈ જાય છે. આરામ એ કામનો મિત્ર જેવો છે. જેનો સાથ મળવાથી ગતિ વેગ વધે છે જ્યારે આળસ કામ માટે શત્રુ છે, બાધા રૂપ છે. જે કામની ગતિને અટકાવે છે.

આળસ અને ઊધઈ બન્ને એક જેવું કામ કરે છે. જો આમાંથી કોઈ એક વ્યક્તિમાં ઘર કરી જાય તો સર્વનાશ કરીને ઝડપે છે. આળસુ વ્યક્તિ ક્યારે પ્રગતિ કરી શકતી નથી. સુખી થઈ શકતી નથી. કામગરા માણસ જેટલી આળસને પોતાની દૂર રાખશે તેટલો વધુ વિકાસ કરી શકશે. ઘણીવાર થાકીને માણસ આરામ કરવા લાગે. પછી થાકને લીધે આરામની વધુ ઈચ્છા થાય પણ એ જો આળસમાં પલટાય તો ઠરાવેલ કામ બીજા દિવસ પર મુલત્વી રહે. વિચારેલ કાર્ય કાલ પર મૂકીએ અને આવનારી કાલે પણ એ કાર્ય ન થઈ શક્યું તો આળસ થવાનો જરૂર અફસોસ થાય. જીવ સૃષ્ટિ માટે જેટલો સૂર્યપ્રકાશ જરૂરી છે. એટલું આરામ પણ જરૂરી છે. ખંતથી કરેલું કામ સફળતા તરફ દોરી જાય છે. જ્યારે શક્તિથી ઓછું કામ આળસ નામે અવરોધ કરે છે. શરીરમાં આળસ ભરાઈ ગઈ તો પછી એ દૂષણ બનીને વકરે છે. પ્રગતિ માટે ઠરાવિક લક્ષ્ય કરવું જરૂરી છે. પણ જો આરામ કરતાં કરતાં આળસના ગુલામ થઈ જઈએ તો પતનની શરૂઆત થતી હોય છે. સપ્તાહ દરમ્યાન ભલે ૭૦ કલાક કામ ન ખેંચીએ પણ જેટલા કલાક કામ કરી કરીએ એ પરિણામ જનક હોય. પ્રસન્ન મનથી કાર્ય સફળ પરિણામ આપે છે. ત્યારે અતિ આરામ આળસને જન્મ આપે છે.

# ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| | | | | |
|---|---|---|---|---|
| HOME LOAN *7.99% (p.a.) | 2 WHEELER LOAN *7.99% (p.a.) | CAR LOAN *7.99% (p.a.) | PRE OWNED CAR LOAN *9.49% (p.a.) | eAUTO LOAN *7.99% (p.a.) |
| COMMERCIAL VEHICLE LOAN *9.49% (p.a.) | PRE OWNED CV LOAN *9.99% (p.a.) | EDUCATION LOAN *8.49% (p.a.) | TRADE LOAN *8.49% (p.a.) | LOAN AGAINST PROPERTY *9.49% (p.a.) |
| MORTGAGE LOAN *7.99% (p.a.) | COMMERCIAL (CRE) LOAN *8.49% (p.a.) | LOAN AGAINST INSURANCE POLICY *7.75% (p.a.) | GOLD LOAN *7.99% (p.a.) | MACHINES LOAN *8.49% (p.a.) |

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**



www.arihantbank.com @ ArihantBank

# શ્રી ક.દ.ઓ. જૈન સાંધવ મહાજન દ્વારા હસ્તિનાપુર યાત્રા પ્રવાસ

શ્રી મથુરા, શ્રી હસ્તિનાપુર, શ્રી આગ્રા, શ્રી હરિદ્વાર, શ્રી ઋષિકેશ યાત્રા પ્રવાસ તા. ૦૪/૦૧/૨૦૨૪ ને ગુરૂવારના પ્રયાણ તા. ૧૧/૦૧/૨૦૨૪ ને ગુરૂવાર વહેલી સવારે મથુરા આગમન.

શ્રી કદઓ જૈન સંઘ સાંધવ શ્રી હસ્તિનાપુર શ્રી શાંતિનાથ દાદાનું જન્મકલ્યાણક સ્થળ શ્રી શાંતિનાથ દાદાને જુહારવા ૧૧૦ની સંખ્યામાં ભાવિકો જાત્રા કરવા ગયેલ.

શ્રી સાંધવ સંઘ તા. ૦૪/૦૧/૨૪ ના બાંદ્રા ટાર્મિનસથી ગરીબરથ દ્વારા પ્રયાણ કરેલ. ટ્રેનમાં ચોવીયાર માટે, વ્યવસ્થા પણ કરવામાં આવેલ.

તા. ૦૫/૦૧/૨૪ ના મથુરા પહોંચી શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરી. શ્રી મથુરા વૃંદાવન, શ્રી કૃષ્ણભગવાનની જન્મભૂમિને વંદન કરી રાત્રી રોકાણ આગ્રા.

તા. ૦૬/૦૧/૨૪ ના શ્રી મહાવીરસ્વામી તથા શ્રી પાર્શ્વનાથ ભગવાનના પૂજાપાઠ દેવદર્શન કરી. તાજમહેલ જોઈ રાત્રી હસ્તિનાપુર રોકાણ.

તા. ૦૭/૦૧/૨૦૨૪ ના શ્રી હસ્તિનાપુર, શ્રી શાંતિનાથ દાદા નો પક્ષાલ, સેવાપૂજા કરેલ.

આરાધક બેહનો એ સ્નાત્ર પૂજા ભણાવેલ એક દિવસ રોકાણ કરેલ. રાત્રી હરિદ્વાર રોકાણ.

તા. ૦૮/૦૧/૨૪ ના સવારના શ્રી આદિનાથ દાદાનો પક્ષાલ સેવાપૂજા કરી સંપૂર્ણ દિવસ શ્રી શંકર મહાદેવની જન્મભૂમિ અસંખ્ય મંદિર, જુના અખાડા, આશ્રમના દર્શન કરી. શ્રી ગંગા નદીમાં સ્નાન કરેલ. સાંજના શ્રી ગંગા મહાઆરતીનો લાભ લીધેલ. રાત્રે હરિદ્વાર રોકાણ.

તા.૦૯/૦૧/૨૪ ના સવારના શ્રી આદિનાથની સેવાપૂજા કરી. શ્રી ઋષિકેશ તરફ પ્રયાણ શ્રી ઋષિકેશ તીર્થ સ્થાને શ્રી શાંતિનાથ દાદાની સેવાપૂજા કરી દર્શન કરી શ્રી ઋષિકેશ તીર્થ ખાતે રામઝુલા, જાનકીઝુલા આશ્રમ મંદિર વગેરેના દર્શન કરી શ્રી હરિદ્વાર સ્ટેશન તરફ પ્રયાણ. સાંજના મેળાવળો (Get together) કરવામાં આવેલ.

શ્રી સાંધવ નગર ખાતે ચાતુર્માસ બિરાજમાન પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.ની શુભ પ્રેરણાથી ૩૫ આરાધકોને આ જાત્રા કરવવાનો લાભ શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા પરીવાર ઘાટકોપર શેઠશ્રી શામજીભાઈ નરશી દંડ પરીવાર મુલુંડ લાભ લીધેલ તથા નવ (૯) સાધર્મિક ભાઈ બહેનને આ જાત્રા કરાવવાનો લાભ માતૃશ્રી દમયંતીબેન હંસરાજ દંડ પરીવાર મુલુંડવાળા (સાંધવ) એ લાભ લીધેલ. ૬૬ જણા પોતાના દ્રવ્યથી આ જાત્રા કરેલ. મેળાવળો (Get together) ગેટટુગેધરમાં સૌ આરાધકો ભાઈ બેહનો એ હાજરી આપેલ. સાલ ૨૦૨૩ના પાંચ પાંચ મહિનાના ચાતુર્માસના આરાધકોનું શાલથી બહુમાન શ્રી ગોવિંદજી લાલજી પટેલ પરીવાર દ્વારા કરવામાં આવેલ.

શ્રી હસ્તિનાપુર જાત્રા કરાવાના લાભાર્થી પરીવાર શેઠશ્રી શામજીભાઈ નરશી દંડ પરીવારનું બહુમાન કરવામાં આવેલ. શેઠશ્રી ચાપશીભાઈ માણેકજી લોડાયા અને માતૃશ્રી દમયંતીબેન હંસરાજ દંડ પરીવારનું બહુમાન શબ્દો દ્વારા કરવામાં આવેલ.

અર્હમ ટૂર અને ટ્રાવેલના શ્રી ભદ્રેશભાઈ છેડાનું બહુમાન કરવામાં આવેલ. 2 X 2 AC સુપરબસ રહેવા માટે ઉત્તમ વ્યવસ્થા ખુબજ સરસ ભોજન ત્રણ ત્રણ ટાઈમ ચા-પાણી, ભાવતા ભોજનીયા રોજ નવી નવી વાનગી નવકારશીમાં મીઠાઈ બપોરના ભોજનમાં ૨ મીઠાઈ, સાંજના ચોવીયારમાં પણ ૨ મીઠાઈ, રોજ નવા નવા ફરસાણ, આ પ્રકારની વ્યવસ્થા માટે શ્રી અર્હમ ટૂર ટ્રાવેલના શ્રી ભદ્રેશભાઈ છેડા અને એમની ટીમ એ સરસ સેવા આપેલ.

ભદ્રેશભાઈ છેડા અને એમની ટીમની ખુબ ખુબ અનુમોદના.

આ ભદ્રેશભાઈ છેડાની સેવા ખરેખર ખુબ જ સરસ હતી. આ યાત્રામાં રોજ ઉપવાસ, આયંબિલ, એકાસણાની તપસ્યા પણ સારી થયેલ.

જાત્રા પુર્ણાહુતી દરમિયાન ટ્રેન ભોપાલ સ્ટેશન પર આવી ત્યારે ઈટારસીથી પ્રેમિલાબેન હરીશ લોડાયા-નલિયા પરીવારે વર્ષી તપ/એકાસણાના તપસ્વીઓ માટે ભોજનની વ્યવસ્થા કરેલ.

શ્રી હસ્તિનાપુર જાત્રા સંઘનું પ્રેમિલાબેન હરીશ લોડાયા પરીવાર દ્વારા રૂપિયા ૧૦/-નું સંઘપૂજન પણ કરવામાં આવેલ.

ખંડવા સ્ટેશન પર ચોવીયારની વ્યવસ્થા. સાંધવ નગરના વડીલ શ્રી લક્ષ્મીચંદ મુરજી દંડ પરીવાર અ.સૌ. સંગીતાબેન ઉમેશ નાગડા પરીવારે કરેલ.

વડીલ શ્રી લક્ષ્મીચંદ મુરજી દંડ પરીવાર અને અ.સૌ. સંગીતાબેન ઉમેશ નાગડા પરીવારએ શેઠ શ્રી શામજી નરશી દંડ તથા પ્રકાશ માણેકજી લોડાયાનું બહુમાન કરેલ. સર્વે પરિવારનું ખૂબ ખૂબ અનુમોદના.


આરાધકો ૭૦ થી ૮૫ વર્ષના વયાવૃધ્ધ આરાધકોએ યાત્રા કરેલ. શ્રી સાંધવ વાશીઓ નિયાણી બેહનો જમાઈઓ આરાધકો સર્વે સારી સંખ્યામાં શ્રી હસ્તિનાપુર જાત્રાનો લાભ લીધેલ. ટ્રેનમાં તથા બસમાં રાત્રે ભક્તિ ભાવના. આ પ્રવાસ દરમ્યાન આવતા જતા કાંઈપણ ભૂલચૂક થઈ હોય તો આમારીથી મિચ્છામિ દુક્કડમ ખુબ ખુબ અનુમોદના. જય જય શ્રી શાંતિનાથ

# શ્રી ક.દ.ઓ. જૈન સાંધવ મહાજન દ્વારા હસ્તિનાપુર યાત્રા પ્રવાસ

















# શ્રી ક.દ.ઓ. જૈન સાંધવ મહાજન દ્વારા હસ્તિનાપુર યાત્રા પ્રવાસ




































# શ્રી ક.દ.ઓ. જૈન સાંધવ મહાજન દ્વારા હસ્તિનાપુર યાત્રા પ્રવાસ

























# શ્રી ક.દ.ઓ. જૈન સાંધવ મહાજન દ્વારા હસ્તિનાપુર યાત્રા પ્રવાસ






















# સંજીવની કેસ નં.૧૨૬ માટે રૂા.૩.૮૫ લાખ જમા કરવાનો છે પડકાર




મંજલ રેલડિયા-ડોંબિવલીના ૬૦ વર્ષીય ખીમજીભાઈ દંડ પેટમાં અતિ તીવ્ર દુઃખાવો, ઉલ્ટીની તકલીફને કારણે તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરેલ છે. તેમની તકલીફના ઈલાજ માટે લેપ્રોટોમી સર્જરીની આવશ્યકતા છે. જે માટે ડોક્ટરો દ્વારા રૂા.૩.૮૫ લાખના ખર્ચનો અંદાજ અપાયેલ છે.

દર્દીના પરિવારમાં પત્ની અને હાથી પગાનો રોગ ધરાવતો પુત્ર છે. જે નાની દુકાનમાં કામ કરે છે. જ્યારે ખીમજીભાઈ પોતે ગૃહઉદ્યોગમાં કામ કરે છે. પિતા અને પુત્ર નજીવી કમાણી કરે છે. જેનાથી પરિવારનું ગુજરાન થાય છે. નથી કોઈ ખાસ બચત ભંડોળ કે નથી કોઈ વીમાનો સપોર્ટ આકસ્મિક બીમારીના સારવારના ખર્ચની જોગવાઈ કરવાની ચિંતા આવી પડી છે. જે માટે તેઓએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે સંજીવની યોજનાના લાભ માટે અરજી કરી છે.

સામાન્ય સ્થિતિના પરિવારના કપરા સમયમાં સધિયારો આપી ખભે ખભા મેળવી તેમને સાથ આપી માનવતાનો ઉત્તમ સંદેશ પ્રસરાવી એ સમયની માંગ છે. દયા, કરૂણા અને ઉદારતાના ગુણો દ્વારા ઈતરજનોના જીવનને બહેતર બનાવવા માટેના ઉત્તમ માધ્યમ છે. પોતાના માટે ખર્ચ થાય એ લક્ષ્મી છે. અન્ય દુઃખીને રાહત આપવા વપરાય એ મહાલક્ષ્મી છે. એ ભાવનાને સાર્થક કરવાની ફરજ આપણને નિભાવવાની છે એ ચૂકીએ નહીં.

સંજીવની કેસ માટે અપાતી મદદ ૮૦જી અંતર્ગત કર લાભને પાત્ર છે. જે માટે આધાર કાર્ડ તથા પેન કાર્ડની ઝેરોક્સ સબમિટ કરવી જરૂરી છે.

# શ્રી ક.દ.ઓ.મહિલા મંચ અમદાવાદ દ્વારા ડબ્બા પાર્ટીનું આયોજન સંપન્ન થયું



તા.૯ જાન્યુઆરી મંગળવારના દિને પરિમલ ગાર્ડન મધ્યે શ્રી કચ્છી દશા ઓસવાલ મહિલા મંચ અમદાવાદ દ્વારા ડબ્બા-પાર્ટીનું આયોજન રાખવામાં આવેલ. જેમાં મહિલા મંચની ૫૨ સભ્ય બહેનોએ હાજરી આપી હતી. કમિટી સભ્યોએ સૌને વિવિધ મનોરંજક ગેમ્સ, હાઉસી રમાડી હતી. જેમાં વિજેતા થયેલ બહેનોને ઈનામ અપાયા હતા.

લહેજદાર વૈવિધ્ય વાનગીઓનો રસથાળ સાથે શરબત ચા કોફીનો રસાસ્વાદ માણી બધા આનંદ વિભોર થયાં હતા. ઉત્સાહ આનંદ માણી સૌ અંતે છુટા પડ્યા હતા.





# શ્રી રચના મહિલા મંડળ દ્વારા ડબ્બા પાર્ટીનું આયોજન





શ્રી રચના મહિલા મંડળ દ્વારા આ વર્ષનો બીજો પ્રોગ્રામ તા.૦૬ જાન્યુઆરીના શનિવારે ડબ્બા પાર્ટીનું મુલુંડ સરદાર તારાસિંગ (સાઇપ્રસ )ગાર્ડન માં આયોજન કરવામાં આવેલું. કુલ ૪૦ મેમ્બર્સ હાજર હતા. સિનિયર સિટીઝન પણ હોંશભેર ભાગ લઈ શકે તેવી મ્યુઝિકલ તથા જુદી જુદી ગેમ્સ કમિટીના મેમ્બર્સો એ રમાડી.

મેમ્બરોએ જુદા જુદા છ ગ્રુપમાં લિજ્જતદાર વ્યંજનો બનાવીને લાવેલા, તે એકબીજાને પ્રેમથી ખવડાવ્યા. નવકાર મહામંત્રથી શરૂઆત કરીને, ચા કોફી થી ફ્રેશ થઈને શરૂ કરેલ પ્રોગ્રામ, ઠંડુ તથા મુખવાસને ન્યાય આપીને સહુ છુટા પડ્યા. ડબ્બા પાર્ટીનો આ પ્રોગ્રામ કુદરતના સાનિધ્યમાં સૌના ચહેરા પર આનંદ ઉલ્લાસ સાથે સંપન્ન થયો.

# "વડીલોનો વિસામો,,

## શ્રી માનવજ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈની પ્રેરણાથી માનવજ્યોત સંસ્થા ભુજ સંચાલિત ભુજ થી ૭ કિ.મી. નાં અંતરે પાલારા-કચ્છ મધ્યે નિર્માણ પામી રહેલ છે.

## શ્રી એમ.એલ.ભક્તા "વડીલોનો વિસામો,, નું બાંધકામ ચાલુ છે.

**સંસ્થાની જરૂરિયાત પૂરી કરવા તથા ખૂટતી કડી પૂરી કરવા દાતાશ્રીઓને લાભ લેવા વિનંતી છે.**




આજનાં ઝડપી યુગમાં પરિવાર ક્યાંક ખોવાઇ ગયો છે. પરિવારની આવક લાખો-કરોડોની હોવા છતાં ઘરમાં શાંતિ નથી. પારિવારિક આંતરિક ઝઘડા કલેશ-કપટથી આજનો માનવી-હેરાન પરેશાન છે. ખૂબ જ મોટા બંગલા-ફ્લેટ-વૈભવીકાર તથા દરેક જાતનું સુખ હોવા છતાં માનવી ટેન્શનમાં જીવે છે. કોણ કોને સમજાવે ?

હું મારી સંસ્થા માનવજ્યોત ભુજની વાત કરૂં તો દર અઠવાડિયે અમારી પાસે એક વૃદ્ધ એવો કપલ આવે કે આવીને અમને કહે અમને અહીં મારી નાખજો... મરવાની સલાહ આપજો પણ ઘરે પાછા જવાનું નાકહેતા. અમે ઘરેથી ત્રસ્ત થઇ કંટાળી તમારી પાસે આવ્યા છીએ. અમને આશ્રયની જરૂરત છે. આવી વાત વૃદ્ધ વડીલોનાં મુખે સાંભળતાં જ દિલ કંપી ઉઠે. અમારી મિલ્કત-મકાન-બધું ગયું. હવે અમે રોડ ઉપર આવી ગયા છીએ. અમારો હાથ ઝાલો... આવા ઉદ્ગાર જયારે વડીલોનાં મુખે સાંભળવા મળે ત્યારે એમનાં માટે કાંઇક કરી છુટવાની ભાવના મનમાં જાગે. એમનાં ઘર સુધી પહોંચી જઇ ... દીકરા, માતા પુત્ર, સાસુ-વહુ, જેઠાણી-દેરાણીનાં પારિવારિક ઝઘડા પતાવવા ખૂબ જ મહેનત કરી. ક્યાંક સફળતા પણ મળી. પણ એ સમજાવટ લાંબી ચાલી નહીં. ફરી એનું એજ.

કંટાળાયેલા અને ૭૦ ની વય વટાવી ચૂકેલા કેટલાક વડીલ-માતા-પિતા આશ્રય સ્થાન શોધે છે. કે... ક્યાંક જિંદગીનાં છેલ્લા દિવસો સુખ-ચેનથી શાંતિથી જીવી શકીએ. ક્યાંક પિતા-પુત્ર વચ્ચે હાથપાઇપણ જોવા મળી. આમ વૃદ્ધ વડીલોને દુઃખ સહન કરતા પણ જોયા.

આવા વૃદ્ધ વડીલો માટે કાંઇક કરી છૂટવાની મનમાં ભાવનાં જાગી. ઘરથી તડછોડાયેલા આવા વૃદ્ધ વડીલોને તાત્કાલિક ક્યાંક આશરો મળી જાય તો એનાં મગજમાં ખોટા વિચારો ન આવે. આવા વૃદ્ધ વડીલો ખોટું પગલું ન ભરે. એમને રડતા જોઇ એમનાં મુખે વાતો સાંભળી અમોએ પણ બેચેની અનુભવી કે જેમણે જન્મ આપ્યો... મોટા કર્યા... પાળ્યા-પોષ્યા એમની જિંદગીનાં અંતિમ દિવસો દુઃખ દર્દ ભર્યા ક્યારે પણ નહોવા જોઇએ. જેમણે બાળકમાંથી ઉછેરી આપણને મોટા કર્યા, પગભર કર્યા એમનાં માટે બધું કરી છૂટવું જોઇએ.

ભુજ નજીક અમારી સંસ્થા માનવજ્યોત દ્વારા માનસિક દિવ્યાંગો માટેનું શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ શરૂ કરવામાં આવ્યું. ૭ વર્ષમાં શ્રેષ્ઠ કામગીરી થઇ. કચ્છમાં રસ્તે રઝળતા અને માર્ગોમાં પડ્યા પાથર્યા રહેતા ૧૬૧૦ આવા માનસિક દિવ્યાંગોને માનવજ્યોત સંસ્થાએ ગામ-શહેર- પરિવાર શોધી આપ્યા. પાંચ-દશ-પંદર-વીસ-પચ્ચીસ વર્ષ પછી તેઓ ઘરે પહોંચ્યા. પરિવારજનો સાથે ફેરમિલન થતાં પરિવારમાં ખુશી છવાઇ.

વૃદ્ધ વડીલોને કોઇપણ જાતની તકલીફ ન પડે એ માટે માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા ભુજ નજીક પાલારા-કચ્છ મધ્યે "વડીલોનો વિસામો,, શરૂ થશે. જેનું બાંધકામ ચાલુ છે. ટુંક સમયમાં બાંધકામ પૂરૂ થઇ જશે. અને વડીલોનો વિસામો ખુલ્લું મુકવામાં આવશે.

ઘરથી તરછોડાયેલા વડીલોને તાત્કાલિક આશરો અપાશે એમનાં પુત્ર-વહુ કે પરિવારજનો સાથે સમાધાન કરાવી અપાશે. જયાં સુધી સમાધાન નથાય ત્યાં સુધી આશ્રમ સ્થળે તેઓની દરેક વ્યવસ્થાઓ સંસ્થા દ્વારા કરવામાં આવશે.

પરિવાર સાથે સમાધાન થતાં જ પુત્ર–વહુ વડીલોને આશ્રમ સ્થળેથી લઇ જઇ શકશે. પણ મુશ્કેલી–તકલીફમાં વૃદ્ધ વડીલો આશ્રમ સ્થળે રહેશે. પરિવારમાં સુખ–શાંતિની લહેર જોવા મળતાં જ મા–બાપ પાછા પરિવારમાં સેટ થઇ જશે. પણ એમને દુ:ખી થવા નહીં દેવાય.

રહેવા–જમવા તથા સારવાર સાથે વૃદ્ધ વડીલોની અનેક પ્રકારે સેવાઓ કરવામાં આવશે. નાના બાળકની જેમ વૃદ્ધ વડીલોને પણ સાચવવામાં આવશે. એમની એમનાં પરિવાર સાથેની મુશ્કેલીઓ ઝઘડા દૂર કરવા સંસ્થા પૂરા પ્રયત્નો કરશે. જ્યાં જરૂર પડશે ત્યાં સંસ્થા પોલીસ અને કાયદાની પણ મદદ લેશે. વડીલોને પણ અહીં સુખી કરવાની ભાવના છે. વૃદ્ધ વડીલો માટે પાલારા–કચ્છ મધ્યે ''વડીલોનો વિસામો,, આકાર પામી રહ્યું છે. જેનું બાંધકામ પૂરજોશમાં ચાલુ છે. માનવતાનાં આ કાર્યમાં દરેકે–દરેકનો સાથ–સહકાર–સહયોગ અત્યંત જરૂરી છે. દાતાશ્રીઓનાં નામ સુર્વણ અક્ષરે તકતી ઉપર અંકિત કરવામાં આવશે. માનવસેવા અને માનવતાનાં આ કાર્યમાં આપનો સહયોગ મળી રહેવા કરબદ્ધ પ્રાર્થના છે. ખૂટતી કડીઓ પૂરવા વિનંતી છે.

માનવજ્યોત સંસ્થા ભુજ સંચાલિત માનસિક દિવ્યાંગો માટેનાં શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છની ભવ્ય સફળતા બાદ સંસ્થા દ્વારા બીજું ભગીરથ કાર્ય હાથ ધરાયું છે. જે એકલા-અટુલા-નિરાધાર વડીલો માટેનું આશ્રય સ્થાન બની રહેશે.

સંકુલનાં મુખ્યદાતાશ્રી ગેટ ઉપર કાયમી નામ, બેંકવેટ હોલ, ભોજન ખંડ, મેડીકલ રૂમ, ઓફિસ, રસોડું, પાણીની પરબ તથા ૧૧ રૂમોનાં દાતાશ્રી મળી ચૂકયા છે. ''વડીલોનો વિસામો,, નું બાંધકામ પૂરજોશમાં ચાલુ છે.

કમ્પાઉન્ડ વોલ બાઉન્ડ્રીની દિવાલ, પ્રાર્થના હોલ, ગાર્ડન, સ્ટોર રૂમ, પાણીનાં ઓવર હેડ-અંદર ગ્રાઉન ટાંકા, ગેસ્ટ રૂમ, અન્નભંડાર, સ્ટોર રૂમ, લાયબ્રેરી, સંતકુટિર ઉપાશ્રય, તથા વડીલો માટે રહેવાનાં રૂમો માટે દાતાશ્રીઓ આવકાર્ય છે. આ ભગીરથ કાર્ય માટે દાતાશ્રીઓ આગળ આવે તેવી વિનંતી છે.

દાતાશ્રીઓને આ નિર્માણકાર્યમાં સહભાગી થવા વિનંતી છે. દરેક રૂમો ઉપર દાતાશ્રીની ઇચ્છા અનુસાર સુવર્ણ અક્ષરે તકતી લગાડવામાં આવશે. આશ્રમને ભેટ આપેલ સાધનો ઉપર પણ દાતાશ્રીનાં નામ અંકિત કરવામાં આવશે.આપનાં સ્વજનોની પુણયસ્મૃતિમાં કાયમી યાદગીરી રૂપે ''વડીલોનો વિસામો,, માં આપનું અનુદાન કાયમી બની રહેશે.

**ભુજમાં સંપર્ક :**

પ્રબોધ મુનવર (જૈન) મો. ૯૯૨૫૧ ૬૯૮૭૬
પૃથ્વીરાજસિંહ જાડેજા મો. ૯૮૨૫૩ ૯૪૩૭૨
અરવિંદભાઇ ઠક્કર મો. ૯૪૨૯૫ ૪૭૮૭૩
સહદેવસિંહ જાડેજા-કેરા મો. ૯૯૭૯૧ ૭૯૧૪૩
પરેશ માહેશ્વરી મો. ૯૮૨૫૦ ૫૭૨૧૩
આનંદ રાયસોની મો. ૯૮૨૫૦ ૧૮૯૮૨
દિપેશ શાહ મો. ૯૮૨૫૯ ૩૯૦૯૦
ગોવિંદભાઇ પાટીદાર મો. ૭૯૯૦૦ ૪૪૨૫૦
દિલીપ સાયલા મો. ૯૯૦૯૨ ૧૯૪૫૭
પંકજ કુરવા મો. ૯૭૧૨૨ ૯૦૫૧૫

**મુંબઇમાં સંપર્ક :**


શ્રી મહેન્દ્રભાઇ આર. સંગોઇ- પાર્લા-મુંબઇ
મુખ્ય દાતા : શ્રી રામદેવ સેવાશ્રમ-પાલારા-કચ્છ.
મો. : ૯૯૨૦૩ ૫૫૫૫૫
શ્રી સુંદરજીભાઇ એમ. શાહ - પ્રમુખ શ્રી,
માનવજ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ - મુલુન્ડ મુંબઇ
મો. : ૯૮૨૦૧ ૫૬૮૩૬
કુલીનભાઇ સી. લુઠીયા (સી.એ.) મો. ૯૮૨૦૦૩૯૪૬૯
વલ્લભજીભાઇ ડી. શાહ (માનવમિત્ર)
મો. ૮૨૩૮૯ ૫૯૨૨૬ / ૭૭૩૮૫ ૯૧૫૫૪
શ્રી રમેશભાઇ આર. ઠક્કર- મુંબઇ મો. : ૯૮૨૦૧ ૨૮૯૨૭

MANAV JYOT
માનવ જ્યોત

**મુખ્ય કાર્યાલયનું સરનામું : લોહાર ચોક, ભીડ ગેટ પાસે, ભુજ–કચ્છ.**
**સંપર્ક : (૦૨૮૩૨) ૨૨૪૦૦૦, મો. ૯૯૧૩૦૨૯૮૦૦**
**E-mail : manavjyotbhuj10@gmail.com • www.manavjyottrust.org**

**સૌજન્ય : ભાવેશ મનીષભાઇ લોડાયા, મુંબઇ–૯**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન તેરા
# શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ તેરા
# શ્રી શામળીયા પાર્શ્વનાથ જિનાલય
# દ્વિશતાબ્દી મહામહોત્સવ સમિતિ
# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ મુંબઈ






## દેવ ગુરૂ ની કૃપા, આનંદ ની આરતી, આભાર ની અભિવ્યક્તિ, ભૂલચૂક નું મિચ્છામી દુક્કડમ...

તેરા તીર્થ મંડન શ્રી શામળિયા જિનાલય દ્વિશતાબ્દી મહામહોત્સવ તા. **૨૭/૧૨/૨૦૨૩ થી તા. ૩૧/૧૨/૨૦૨૩** સુધી તેરા તીર્થે ખૂબ જ ઉલ્લાસપૂર્વક, રંગે ચંગે ઉજવાઈ ગયો.

**પંચ પરમેષ્ટીની અસીમ કૃપા :**

સંપ્રતિ કાલીન ચમત્કારિક **શ્રી જીરાવલ્લા અને શ્રી શામળિયા પાર્શ્વનાથ દાદાની** અનરાધાર કૃપા, સર્વે પૂર્વચાર્યોની દિવ્ય કૃપા, અચલગચ્છાધિપતિ શ્રી પરમ પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ** ની આજ્ઞા અને આશિષ, પરમ પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી કવીન્દ્રસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પરમ પૂજ્ય ઉપાધ્યાય ભગવંત **શ્રી પૂર્ણભદ્રસાગરજી મહારાજ સાહેબ** અને પરમ પૂજ્ય મુનિરાજ **શ્રી કલ્પતરૂસાગરજી મહારાજ સાહેબ** તથા **પ.પૂ. સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય સાધ્વી શ્રી ભદ્રગુણાશ્રીજી મહારાજ સાહેબ, પ.પૂ. સા. શ્રી હિરણ્યગુણાશ્રીજી મહારાજ સાહેબ, પ.પૂ. સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મહારાજ સાહેબ, પ.પૂ. સા. શ્રી અમિતયશાશ્રીજી મહારાજ સાહેબ** આદી ઠાણા, **પ. પૂ. સા. શ્રી કાવ્યગુણાશ્રીજી મહારાજ સાહેબ, પ. પૂ. સા. શ્રી આનંદકિરણાશ્રીજી મહારાજ સાહેબ,** અને યતીવર્ય **શ્રી મોતીસાગરજી મહારાજ સાહેબ** ની પાવન નિશ્રા મહામહોત્સવ ધાર્મિકતા ના રંગથી ઉજવાઈ ગયો.



**વિવિધ પૂજન, અનુષ્ઠાન :**

અઢાર અભિષેક, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, લઘુ શાંતી સ્નાત્ર પૂજન, રથયાત્રા, ધ્વજા મહોત્સવ, કુમારપાળ રાજા દ્વારા આરતી અને તેમનો ભવ્ય રાજ દરબાર દાદાનો દાયજો તથા સંયમ ઉપકરણ ઉદ્‌ઘાટનના દશ્ય આલ્હાદક હતા. સર્વે ભાવિકોએ ઉમંગભેર ભાગ લીધો હતો.



શ્રી તે કુ લા ધુ, નીયાણી પરિવારજનો અને આમંત્રિત મહેમાનો ખૂબ જ સારી સંખ્યામાં પધાર્યા હતા. શ્રી તે કુ લા ધુ જૈન યુવક સંઘ મુંબઈ, શ્રી તેરા ટ્રસ્ટ/મહાજન ના ટ્રસ્ટી મહોદયશ્રીઓ તથા નામી અનામી અનેક કાર્યકરોની વર્ષો - મહિનાઓથી કરેલ મહેનત રંગ લાવી, જેમાં મુખ્યત્વે વિવિધ પૂજન-અનુષ્ઠાન, ભોજન વ્યવસ્થા, રહેઠાણ વ્યવસ્થા, ટેન્ટ વ્યવસ્થા, વાહન વ્યવહાર વ્યવસ્થા, રાસ ગરબા, દાંડિયા રાસ અને ક્રિકેટ મેચ વગેરે પ્રસંગો ખૂબ જ સારી રીતે ઉજવાઇ ગયા.

**મિચ્છામી દુક્કડમ :**



મહામહોત્સવ દરમ્યાન રાખેલ વ્યવસ્થામાં અમારા તરફથી, અમારા સ્ટાફ તરફથી અથવા કોઈપણ કાર્યકર્તાઓ તરફથી કોઈપણ જાતની ભૂલચૂક થઈ હોય, કોઈ વ્યવસ્થા પુરેપુરી સાચવી ન હોય તે બદલ અમો અંતઃકરણપૂર્વક મિચ્છામી દુક્કડમ માંગીએ છીએ અમને ક્ષમા કરશોજી.

**વાર્ષિક સંઘપતિ અને સાધારણ ફંડની યોજના :**

મહામહોત્સવ દરમિયાન વિવિધ ચડાવાઓના લાભાર્થી પરિવારો રૂા. ૨૩/- દરરોજના તે પ્રમાણે વર્ષના (ત્રણ વર્ષ માટે) રૂા. ૮,૦૦૦/- થી અધિક અને ત્રણ વર્ષમાં રૂા. ૨૫,૦૦૦/- ની સાધારણ સ્કીમના દિલેર દાતાશ્રીઓ અને રૂા. ૫૧,૦૦૦/- ના **પર્યુષણ પર્વ, વાર્ષિક ધ્વજા મહોત્સવ અને બે આયંબિલ ની ઓળી ના વાર્ષિક સંઘપતિ દાતાશ્રીઓ નો પણ** આ તબક્કે આભાર માનીએ છીએ તેમણે પોતાની લક્ષ્મીને શુભ લક્ષ્મી બનાવી, ચંચળ લક્ષ્મીને તીર્થમાં સ્થિર કરી, તીર્થ ભક્તિ કરી.

**વિશેષ નોંધ :**

મહામહોત્સવ દરમિયાન સર્વે દિલેર દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું, કોઈ સંજોગો અનુસાર કોઈ દાતા પરિવાર નું બહુમાન રહી ગયું હોય તો કૃપા કરી નીઃસંકોચ કાર્યકર્તાઓનો સંપર્ક કરશોજી.

આ પ્રસંગે પધારેલ સર્વેને પરિવાર દીઠ તેરા ટ્રસ્ટ-મહાજન તરફથી એક પાઉચની યાદગીરી રૂપે ભેટ આપવામાં આવી હતી, સાથે નિયાણી પરિવારોને પેંડા ના બોક્સ સાથે ભાવભરી વિદાય આપવામાં આવી હતી. શ્રી સંઘપતિ પરિવાર તરફથી પણ એક ગરમ પાણીની બોટલ રાખવા માટેની થેલી આપવામાં આવી હતી અને રત્ના માં પરિવાર તરફથી મહામહોત્સવની સ્મૃતિ નિમિત્ત સોનાની ગીલેટ ચડાવેલી પાવલી ની ભેટ આપવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રી શામળિયા જિનાલય બંધાવનાર ગોરજી પરિવાર ના દોહિત્ર પરિવાર પણ પધાર્યા હતા તેમનું પણ યથા યોગ્ય બહુમાન થયું હતું.

આપણા આમંત્રણને માન આપી અનેક જ્ઞાતિજનો, વિવિધ સંઘ, સંસ્થા, મંડળના પદાધિકારીઓ, અન્ય સમાજના પદાધિકારીઓ પણ પધાર્યા હતા તેમનું આ પ્રસંગે ઋણ સ્વીકાર કરી આભાર વ્યક્ત કરીએ છીએ.

આ પ્રસંગે અબડાસા તીર્થના અન્ય આપણા ગામો તરફથી પણ સંપૂર્ણ સાથ સહકાર મળ્યો હતો જેથી આ મહામહોત્સવ વ્યવસ્થિત રીતે ઉજવાઈ ગયો.

પધારેલા સર્વે યાત્રીકો, મહેમાનો, નીયાણી પરિવાર ના પણ આ તબક્કે અમો ઋણી છીએ કે સર્વેના મોઢા ઉપર ફક્ત ઉલ્લાસ ભર્યો ભાવ હતો, હૃદયમાં ધાર્મિકતા ના સ્પંદનો રેલાયેલા હતા, સર્વે એ દાનની ગંગાઓ રેલાવી હતી, ક્યાં કોઈપણ જાતની ફરિયાદ ન હતી...

**ફાવશે, ગમશે, ચાલશે નું સૂત્ર સાચે જ સૌએ હૃદયસ્થ કર્યું હતું.**

**મહામહોત્સવ માર્ગદર્શક :**

સંપૂર્ણ મહામહોત્સવ માર્ગદર્શક એવા સુશ્રાવક, નવકાર મંત્ર આરાધક, વર્ષીતપના તપસ્વી **શ્રી નરેન્દ્રભાઈ નંદુ** અને **ચી. મેઘ નંદુ** નું પણ આપણે આભાર માનશું. નંદુ ભા ખરેખર શ્રી સરસ્વતી જી અને શ્રી લક્ષ્મીજી બંનેના પરમ ઉપાસક છે, તેઓની વાણીથી સર્વે મંત્રમુગ્ધ બની ગયા હતા અને શાસનના અનેકવિધ કાર્યો તેમના હાથે તેરા તીર્થે થયા હતા. શ્રી સંઘ તેમનો હંમેશા ઋણી રહેશે.

ફરી એકવાર શ્રી જીરાવલ્લા તથા શ્રી શામળીયા દાદા અને સર્વે ગુરૂ ભગવંતો ને વંદન કરીયે, જેમની કૃપા દ્રષ્ટિ થકી ઉપરોક્ત મહામહોત્સવ નિર્વિઘ્ને પાર પડ્યું, તે માટે સકળ સંઘ તેમનો હંમેશા ઋણી રહેશે.



**લી.: શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, તેરા**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જીરાવલ્લા ટ્રસ્ટ તેરા**

**શ્રી તે કુ લા ધુ જૈન યુવક સંઘ, મુંબઈ**

**શ્રી તેરા તીર્થ મંડન શ્રી શામળિયા જિનાલય દ્વિશતાબ્દી મહામહોત્સવ સમિતિ વતી**


પ્રમુખ : **શ્રી નરેન્દ્ર શામજી દંડ** કન્વીનર : **શ્રી કુમાર બાબુભાઈ દંડ**



શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ - મુંબઈ

# Shree K.D.O. Students Association

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા




K.D.O. NU...

## 'SATKARYA'

*~ Pinch Of Happiness*

From Heart to Home : Take part in our initiative providing Clothes, Toys, Utensils, Stationery and Books to make a positive impact on deserving lives.

Co-Sponsored By

MATUSHRI CHAMPABEN HANSRAJ DAGHA PARIVAAR (HASTE - AMBA SHIPPING AGENCY)
VARADIYA - MATUNGA

**13th Jan 2024 - 21st Jan 2024**

CONTACT YOUR NEAREST CENTRE FOR DONATING

| | | |
|---|---|---|
| Dombivli | Ekta Dand<br>+91 91378 44379 | Meet Dharamshi<br>+91 91376 80889 |
| Mulund | Prachi Mota<br>+91 81043 23597 | Jainam Dand<br>+91 91676 02937 |
| Bhandup | Pooja Lodaya<br>+91 79778 84741 | Preet Lodaya<br>+91 96647 95657 |
| Kanjurmarg | Labdhi Lodaya<br>+91 84220 37604 | Keval Momaya<br>+91 98191 59847 |
| Ghatkopar | Sania Meisheri<br>+91 83697 71584 | Bhoumik Mota<br>+91 96991 81966 |
| Masjid Bunder | Ronil Meisheri<br>+91 98691 84725 | Chirag Lodaya<br>+91 96198 76560 |
| Western | Kali Chheda<br>+91 89804 24400 | Sahil Kurva<br>+91 76668 02804 |

Follow us on #SHREEKDOVS


આગોતરું આમંત્રણ
રાપર ગઢવાળી-કચ્છની ધરા પર
શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ નૂતન જિનાલય
'શ્રી પાર્શ્વ-શાન્તિ પ્રાસાદ'
પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ
દિવ્યકૃપા
શાસનસમ્રાટ, ભારત દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી. ગુણસાગરજી મહારાજા
દિવ્યાશિષ
તપચક્રવર્તી, જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી. ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા
ભવનિસ્તારક નિશ્રા
સાહિત્ય દિવાકર, રાજસ્થાન દીપક,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા
કચ્છ-વાગડદેશોદ્ધારક શ્રી જીતવિજયજી મહારાજાના
વંશદીપક, દીક્ષાધર્મના મહાનાયક પ.પૂ.આ.ભ.
શ્રીમદ્ વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજા
આદિ વિશાળ શ્રમણ-શ્રમણીવૃંદ
...મહોત્સવ પળ... વિ.સં. ૨૦૮૦, મહા સુદ થી મહા વદ ૧, તા. ૨૨-૦૨-૨૦૨૪ થી ૨૫-૦૨-૨૦૨૪
...મહોત્સવ સ્થળ... રાપર ગઢવાળી, મુ.પો. અબડાસા, કચ્છ.
...નિમંત્રક...
શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અને ક.દ.ઓ. મહાજન ટ્રસ્ટ
શ્રી રાપર ગઢવાળી - નાની સિંધોડી જૈન સંઘ
શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ વતી
...લાભાર્થી પરિવાર...
માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવાર
સંપર્ક : અંકિત વોરા - મો. ૯૯૩૦૫ ૨૯૯૯૦, મીત શ્રોફાની - ૯૯૨૦૦ ૭૨૫૨૧

।। શ્રી મહાવીરાય નમઃ ।। ।। શ્રી સુવિધીનાથાય નમઃ ।। ।। શ્રી આદીનાથાય નમઃ ।। KDO

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન – જખૌ

શ્રી જખૌ મહાજન Estd.1966

**સ્થાનિક કાર્યાલય :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, મુ. પોસ્ટ જખૌ, તા. અબડાસા (કચ્છ)–૩૭૦ ૬૪૧.

# વાર્ષિક સામાન્ય સભાની નોટીસ

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન જખૌ સભ્યો જોગ,

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન – જખૌ **વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૧૧–૦૨–૨૦૨૪ ના રોજ બપોરના ૩.૦૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હૉલ, દેવપુંજ, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૮૦** ખાતે મળશે. જેમાં નીચે મુજબના એજન્ડા રહેશે.

## –: એજન્ડા : કાર્યસુચી :–

૧) ગત વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬–૧૧–૨૦૨૨ ની કાર્યવાહીનું વાંચન અને બહાલી.

૨) મહાજનના વર્ષ ૨૦૨૨–૨૦૨૩ ના ઓડીટેડ હિસાબો તથા ઓડીટ રિપોર્ટની રજુઆત અને બહાલી.

૩) વર્ષ ૨૦૨૨–૨૦૨૩ ની મહાજનશ્રી તથા ટ્રસ્ટની પ્રવૃત્તિઓનો અહેવાલ અને નોંધ લેવી.

૪) શ્રી રત્નટુંક જૈન દેરાસરના વર્ષ ૨૦૨૨–૨૦૨૩ ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને તેની નોંધ લેવા.

૫) મહાજનશ્રીના બંધારણની કલમ ૧૫ ની પેટા કલમ (૩) અનુસાર પાંચ વર્ષ (તા. ૦૧–૦૪–૨૦૨૪ થી ૩૧–૦૩–૨૦૨૯) (૧) મહાજનશ્રીની વ્યવસ્થાપક સમિતિની (૨) શ્રી રત્નટુંક જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડ્સના ટ્રસ્ટીઓની ટ્રસ્ટ ડીડ અનુસાર ચુંટણી યોજવા બાબત.

૬) મહાજનશ્રીના વાર્ષિક હિસાબોના અન્વેષણ કાર્ય માટે વર્ષ ૨૦૨૩–૨૦૨૪ ના કાર્યકાળ માટે ઓડીટરની નિમણુંક તથા મહેનતાણુ નક્કી કરવા બાબત.

૭) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય બાબતો.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ વતી**

લી. માનદ્ મંત્રીઓ : **જયંતીલાલ દેવશી મૈશેરી – તરૂણ હંસરાજ નાગડા**

**નોંધ :** ૧) કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક પછી તેજ સ્થળે મળશે. જેમાં ૧૫ સભ્યોની હાજરી અનિવાર્ય રહેશે.

૨) વર્ષ ૨૦૨૨–૨૦૨૩ ના અન્વેષિત હિસાબો તથા ઓડીટ રિપોર્ટ સભ્યોને જાણ ખાતર બુધવાર તા. ૨૪–૦૧–૨૦૨૪ થી બુધવાર તા. ૩૧–૦૧–૨૦૨૪ ના રોજ સાંજના ૪.૦૦ થી ૬.૦૦ દરમિયાન નીચેના સ્થળે ખુલ્લા રાખવામાં આવશે.

૩) હિસાબો સંબંધી કોઈપણ પ્રશ્નો હોય તો તે તા. ૩૧–૦૧–૨૦૨૪ ના સાંજના ૫.૦૦ વાગ્યા સુધી લેખીતમાં જખૌ દેરાસરમાં મહેતાજી ને આપવું. તેમજ બેલેન્સશીટ મુંબઈ ઓફીસથી મળી શકશે. તા. ૨૪–૧–૨૦૨૪ થી તા. ૩૧–૦૧–૨૦૨૪ સુધી ૩.૦૦ થી ૫.૦૦ કલાકે દરમિયાન મળી શકશે.

**સ્થાનિક કાર્યાલય :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, મુ. પોસ્ટ જખૌ, તા. અબડાસા (કચ્છ)–૩૭૦ ૬૪૧. ફોન : **93770 88890**

**મુંબઈ કાર્યાલય : શ્રી રાયચંદ દેવશી જીવાણી,** એમ.કે. કન્સલ્ટન્સી સર્વિસીસ, શ્રીજી વિલા, લોહાર આલી, ઓપ. સન એન્ટરપ્રાઈઝ, કર્ણાવટ ક્લાસીસની બાજુમાં, સ્ટેશન રોડ, થાણે (વેસ્ટ)–૪૦૦ ૬૦૧. ફોન : **87798 75109**

|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી સુવિધીનાથાય નમઃ || || શ્રી આદીનાથાય નમઃ ||

શ્રી જખૌ મહાજન Estd.1966

KDO

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - જખૌ

## વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૯ (તા. ૧-૪-૨૦૨૪ થી ૩૧-૦૩-૨૦૨૯) સુધીના ૫ વર્ષના કાર્યકાળ માટે મહાજનશ્રી અને શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ ની ચુંટણી અને જાહેરનામું

## ❖ ચુંટણી કાર્યક્રમ ❖

૧) શ્રી મહાજનના બંધારણ અનુસાર વ્યવસ્થાપક સમિતિ અને ટ્રસ્ટ બોર્ડની કાર્યકાળ મુદત **તા. ૦૧-૦૪-૨૦૨૪ થી તા. ૩૧-૦૩-૨૦૨૯** સુધીની રહેશે.

૨) વ્યવસ્થાપક સમિતિનું સંખ્યાબળ ૧૨ નું રહેશે.
પ્રમુખ - ૧ (A અને B બંને માંથી) ● ઉપપ્રમુખ - ૧ (A અને B બંને માંથી) ● ખજાનચી - ૧ (A વિભાગ)
વ્યવસ્થાપક સમિતિ - ૬ (A વિભાગ) ● વ્યવસ્થાપક સમિતિ - ૩ (B વિભાગ)

૩) ટ્રસ્ટ બોર્ડનું સંખ્યાબળ ૯ સભ્યોનું રહેશે. (A વિભાગ - ૫ તથા B વિભાગ - ૩ + ૧ કાયમી)

૪) **A વિભાગ :** મુંબઈ મેટ્રોપોલીટન રીજન જેમાં બૃહદ મુંબઈ અને તેના પરાં, થાણા જીલ્લો, પાલઘર જિલ્લા, રાયગડ જિલ્લો તથા નવી મુંબઈ નો સમાવેશ છે.
**B વિભાગ :** ઉપરોક્ત A - વિભાગમાં જેમનો સમાવેશ નથી થતો એ સર્વે સભ્યો (B) વિભાગમાં આવશે. જે વિભાગમાં રહેઠાણ હોય તે વિભાગમાં જ ઉમેદવારી ફક્ત એક પદ માટે કરી શકાશે. (પ્રમુખ, ઉપપ્રમુખ, ખજાનચી, વ્યવસ્થાપક સભ્ય)
નોંધ : ૧) જે વિભાગનો પ્રમુખ ચુંટાશે તેના વિપરીત વિભાગનો ઉપપ્રમુખ ચુંટાશે.
૨) ખજાનચી માટે ફક્ત A વિભાગ માંજ ઉમેદવારી કરી શકાશે.

૫) ઉમેદવારી પત્રકોનું વિતરણ તા. ૧૯-૦૨-૨૦૨૪ થી તા. ૨૪-૦૨-૨૦૨૪ સાંજના ૩.૦૦ થી ૫.૦૦ દરમ્યાન થશે.

૬) ઉમેદવારી પત્રકનું મૂલ્ય રૂા. ૨૫/- રહેશે. નીચે મુજબના એડ્રેસ તેમજ જખૌ ખાતે રજીસ્ટર ઓફીસમાં મળી શકશે.

૭) ભરાયેલા ઉમેદવારી પત્રક સ્વીકારવાની તા. ૧૯-૦૨-૨૦૨૪ થી તા. ૨૪-૦૨-૨૦૨૪ (સમય સાંજના ૩.૦૦ થી ૫.૦૦) તા. ૨૪-૦૨-૨૦૨૪ ના સાંજના ૫.૦૦ વાગ્યા પછી ઉમેદવારી પત્રક સ્વિકારવામાં આવશે નહીં.

૮) ઉમેદવારી પત્રકોની ચકાસણી તા. ૨૪-૦૨-૨૦૨૪ થી તા. ૦૩-૦૩-૨૦૨૪ ના થશે.

૯) ઉમેદવારોની પ્રથમ યાદી તા. ૦૩-૦૩-૨૦૨૪ ના રોજ સવારના ૧૧.૦૦ વાગે મહાજનના નોટીસ બોર્ડ ઉપર તથા યોગ્ય માધ્યમ દ્વારા જાણકારી ઇલેક્ટ્રોનીક મિડીયા (Electronic Media) પરથી કરવામાં આવશે.

૧૦) ઉમેદવારી પત્રક પાછું ખેંચી લેવાની તા. ૦૬-૦૩-૨૦૨૪ સાંજના ૩.૦૦ થી ૫.૦૦ દરમ્યાન લેખીત અરજીથી રૂબરૂમાં આપી જવું.

૧૧) માન્ય રહેલા ઉમેદવારોની આખરી યાદી તા. ૦૭-૦૩-૨૦૨૪ સવારના ૧૧.૦૦ વાગે મહાજનના નોટીસ બોર્ડ ઉપર લગાડવામાં આવશે.

૧૨) જરૂરી બેઠકોથી વધુ ઉમેદવારો હશે તો ચુંટણી મતદાન રવિવાર તા. ૧૭-૦૩-૨૦૨૪ સવારના ૯.૦૦ કલાકે થી સાંજના ૫.૦૦ કલાક સુધી રહેશે.

૧૩) ચુંટણી પરિણામ સ્થાનિકેથી મતપત્રકો આવેથી તા. ૨૦-૦૩-૨૦૨૪ ના રોજ સવારના ૧૧.૦૦ વાગે મહાજનના નોટીસ બોર્ડ ઉપર

૧૪) ચુંટણી મતદાન કેંદ્ર - મતદાન સ્થળ : શીશુકુંજ, વિજયનગર સોસાયટી હોલ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦ તથા જખૌ દેરાસર પરીસરમાં બન્ને જગ્યાએ ચુંટણી થશે.

૧૫) ઉમેદવારી પત્રક વિતરણ, ભરેલા ઉમેદવારી પત્રકો સ્વીકારવાનું તથા ઉમેદવારી પત્રક પાછું ખેંચવા માટેની અરજી નીચેના સરનામે કરી શકાશે.
**સ્થાનિક કાર્યાલય :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, મુ. પોસ્ટ જખૌ, તા. અબડાસા (કચ્છ)-૩૭૦ ૬૪૧. ફોન : **93770 88890**
**મુંબઈ કાર્યાલય : શ્રી રાયચંદ દેવશી જીવાણી,** એમ.કે. કન્સલ્ટન્સી સર્વિસીસ, શ્રીજી વિલા, લોહાર આલી, ઓપ. સન એન્ટર પ્રાઈઝ, કર્ણાવટ ક્લાસીસની બાજુમાં, સ્ટેશન રોડ, થાણે (વેસ્ટ) - ૪૦૦ ૬૦૧. ફોન : **87798 75109**

**નોંધ :** ૧) ઉમેદવારી પત્રક પાછું ખેંચવા ઉમેદવારે લેખીત અરજી રૂબરૂમાં નીયત સમયમાં આપવી.
૨) ચુંટણી પ્રક્રિયા અંગેની વિગતવાર માહિતી, પુછ - પરછ માટે મુખ્ય ચુંટણી અધિકારી શ્રી ભરતભાઈ શામજી છેડા નો સંપર્ક કરવો.
૩) મહાજનશ્રીના બંધારણ પ્રમાણે અગર ઉમેદવારી પત્રક ભરાયેલા ન હોય તો તેવા ઉમેદવારી પત્રકો રદબાતલ થશે.
૪) છેલ્લા ડીજીટલ વસ્તીપત્રકમાં તા. ૩૦-૧૧-૨૦૨૪ સુધી જેમનું નામ જખૌમાં હશે તેમને જ ઉમેદવારી પત્રક ભરવાનો અધિકાર રહેશે.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - જખૌ વતી**

મુખ્ય ચુંટણી અધિકારી : **શ્રી ભરત શામજી છેડા** (મો.: **93202 18405**)

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ - શ્રી અનંતનાથ ટ્રસ્ટ દ્વારા આયોજીત શીખરજી મહાયાત્રા

તા ૩૦ જાન્યુઆરી થી ૭ ફેબ્રુઆરી સુધી દિવસ ૯ કેન્સલેશન આવતા થોડીક સીટો ઉપલબ્ધ છે માત્ર રૂા.૧૬,૦૦૦/- (સોળ હજાર). આનંદના સમાચાર ફ્રી ફ્રી તદન ફ્રી.

સમેતશીખરજી મહાયાત્રા જ્ઞાતિના દિવ્યાંગો અને એમની સેવામાં રહેતા પરિવાર ના કેરટેકર તરીકે એક સભ્યને યાત્રા નિઃશુલ્ક કરાવવામાં આવશે તથા જ્ઞાતિના દિક્ષાર્થી (મુમુક્ષો)ઓને પણ ફ્રીમાં લઈ જવામાં આવશે. સાથે સાથે આર્થિક પરિસ્થિતિને કારણે હજી સુધી જે પરિવારો આ યાત્રાથી વંચિત છે.

એમના માટે ફક્ત રૂા.૮૦૦૦/-(આઠ હજાર) પ્રતિ વ્યકિત, આ યાત્રાના દિલેરદાનવીર દાતાશ્રીઓ જેમણે પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી. આ પ્રયાસને વધાવી મહાજનની અપીલને માથે ચડાવી આ અનેરો લાભ લઈ સૌ ના દિલ જીતી લીધા તો આવો આ ઓફરને સ્વીકારી આપના સ્વપ્નને સાકાર કરો આજે જ નામ મુંબઈ જ્ઞાતિ મહાજન કાર્યાલય નોધાવો.

શ્રી સમેત શીખરજી મહાયાત્રા. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના ઈતિહાસમા પ્રથમવાર મુંબઈથી મુંબઈ સમગ્ર યાત્રા-પ્રવાસ વાતાનુકૂલિત એ.સી સ્પેશીયલ ટ્રેન દ્વારા શીખરજી, રૂજુવાલીકા, ક્ષત્રિયકુંડ, ગુણીઆજી પાવાપુરી, કુંડલપુર, રાજગૃહી સહ પંચતીર્થ આપના નામ, આધારકાર્ડ ઝેરોક્ષ તથા રૂા.૮,૦૦૦/ (આઠ હજાર) યાત્રાની સંપુર્ણ રકમ મહાજન કાર્યાલય ભરવાના રહેશે. (પેમેન્ટ ઓનલાઈનના માધ્યમથી ભરવાનું રહેશે)

વિશેષ નોંધ : અગાઉ જેમણે નામ અને ડીપોઝીટ જમા કરી પોતાની યાત્રા સુનિશ્ચિત કરી લીધી છે એમને પોતાની બાકીની રકમ ઓનલાઈન ભરી દેવા વિનંતી.

મહાજન કાર્યાલય સંપર્ક : યોગેશ કુરૂવા ૮૮૭૯૩૨૪૦૦૫ સવારના ૧૧થી સાંજના ૬. ઝડપભેર આપ યાત્રા માટે થઈ જાઓ તૈયાર આવો અવસર ફક્ત મુંબઈ મહાજનના સંગાથે.

આ માહિતી અખબારી યાદી દ્વારા માનદમંત્રી શ્રીઓ ચેતન મેઘજી મોતા, રાજુલ ભદ્રેશ પટેલ તરફથી અપાઈ છે.


## કે.ડી.ઓ. વેલ્ફેર એસોસિયેશન
## સામાજિક સુરક્ષા યોજના
### પ્રસ્તુત છે
### 2 +1 FREE યોજના
### ફકત ૧૫-૦૨-૨૦૨૪ સુધી જ

**વિશેષતા :** નવા બનતા ૩ મેમ્બર એક જ પરિવારના સભ્યો હોવા જરૂરી નથી. કોઇ પણ ૩ નવા સભ્યોને આ લાભ મલી શકે છે. પરંતુ ત્રણેની રકમ રૂા. ૪,૦૦૦/- (રૂા.૬,૦૦૦/-ને બદલે) એકી સાથે અમારા બેંકના ખાતામાં ઓન લાઇન કે ચેક/કેશથી જમા કરવું જરૂરી છે.

પહેલાં **ત્રણ નામ-વતન-રહેઠાણની પુરી વિગત- 8767753082** પર **દીપક ગંગાજર શાહ ડાઘાને** વોટ્સએપ કરો. આ કેડીઓ અત્યાર સુધી મેમ્બર નથી એવું અમારૂ કન્ફર્મેશન મલે પછી જ બેંકમાં રકમ ભરવીને અમને માહિતી મોકલવી.

એ પછી ફોટો ચિપકાવેલાને ભરેલાં ફોર્મમાં પેમેન્ટની વિગતો આમેજ કરી તથા સાથે જન્મ તારીખનાં પ્રૂફ માટે પેનકાર્ડ કે આધાર કાર્ડની કોપી અમને અંતે નીચે આપેલ બન્ને નંબર પર વોટ્સઅપથી કે ઈમેલથી મોકલવા જરૂરી છે. સ્કેન કરેલાં પેપર મોકલવા હિતાવહ છે. વોટ્સએપ કરેલા પેપર સુવાચ્ય હોવા જરૂરી છે. **ઓરીજીનલ પેપર્સ કુરીયરથી મોકલવા જરૂરી નથી.**

**પાત્રતા :** ૫ થી ૫૦ વર્ષ વય

**મ્યુચ્યુઅલ બેનીફીટ કવર :**

૫૫ વર્ષ વય પહેલાં અવસાન થાય તો નોમિનીને રૂા.૧.૦૦ લાખ. આકસ્મિક કેશ માં વધારાના રૂા. ૧.૦૦ લાખ.

**રિટાયરમેન્ટ :** ૫૫ વર્ષ પુર્ણ થયે.

**ફોર્મ માટે અહીં ક્લીક કરો**

**વધુ માહિતી તથા ફોર્મ વોટ્સએપ કરવા :**

દીપક ગંગાજર શાહ ડાઘા, મુલુંડ (પ્રમુખ)
**8976017830**
કિરણ ઠાકરશી મૈશેરી, હૈદરાબાદ, ( સેક્રેટરી)
**9885216886**
ઈમેલ
**Email: welfarekdo@gmail.com**

# નાંદેડ સંઘમાં શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જન્મકલ્યાક નિમિત્તે વર્ધમાન શક્રસ્તવ અભિષેક કરાયા

મહારાષ્ટ્ર રાજ્યના મરાઠાવાડા પ્રાંતના નાંદેડ સંઘમાં શ્રી ચંદ્રપ્રભુ સ્વામી ભગવાનના જન્મ કલ્યાણકના અવસરે શ્રી નાંદેડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવન અને પરમ ઉપકારી નિશ્રામાં વર્ધમાન શક્રસ્તવ અભિષેક રાખવામાં આવ્યા હતા. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહી ધર્મ લાભ લીધો હતો.





# ભાવભીની શ્રદ્ધાંજલિ



શીવજીભાઈ મુનવર
તા.૭ જાન્યુઆરી (ઉ.૮૭)
જખૌ–ડોંબિવલી




લીલાવંતીબેન નાગડા
તા.૮ જાન્યુઆરી (ઉ.૭૩)
રંગપુર–ઔરંગાબાદ



મીનાબેન લોડાયા
તા.૮ જાન્યુઆરી (ઉ.૬૪)
સુથરી–અમદાવાદ



તરલાબેન ગંગર
તા.૮ જાન્યુઆરી (ઉ.૫૧)
સીંધોડી મોટી–અમરાવતી
કમલાબાઈ ખીમજી લોડાયાની પુત્રી




પ્રફુલ્લભાઈ ખોના
તા.૧૦ જાન્યુ. (ઉ.૬૨)
સાંધવ–ડોંબિવલી



લખમશીભાઈ મોતા
તા.૧૦ જાન્યુ. (ઉ.૮૮)
કોઠારા–મુલુંડ



વિરચંદભાઈ લોડાયા
તા.૧૧ જાન્યુ. (ઉ.૮૦)
કોઠારા–ભાંડુપ



શરદભાઈ મોમાયા
તા.૧૧ જાન્યુ. (ઉ.૭૮)
ડુમરા–છત્તીસગઢ



દિનેશભાઈ મુનવર
તા.૧૨ જાન્યુ. (ઉ.૬૦)
જખૌ–વડોદરા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● લખપત તાલુકાના કોટેશ્વરને પાટગઢ કહેવાય છે. ઐતિહાસિક તીર્થ સ્થળ એવા કોટેશ્વરમાં મહાકાળી મંદિરની ઉત્તર દિશામાં જમીન સમથળ બનાવવાનું કામ ચાલુ છે. જેમાં એક ટેકરો ખોદતા તેમાંથી જૂનો અવશેષો મળી આવ્યા હતા. આ ઉપરાંત જંધર કહેતા અનાજ દળવાની ઘંટી, માટીની કુલડીઓ નાના મોટા પાત્રો મળી આવ્યાં હતા. ઐતિહાસિક કાળમાં કોટેશ્વર વાઘમ ચાવડાની રાજધાની હતી. એક કિ.મી. દૂર બૌધ્ધ ગુફાઓ આવેલી છે. અહીં બૌધ્ધ સાધુઓ પણ મોટા પ્રમાણમાં રહેતા હોવાની નોંધ છે. ચીની પ્રવાસી હુ એન ત્સાંગ એ પોતાની નોંધ પોથીમાં બૌધ્ધ, ગુફાઓની વાત ઉલ્લેખી છે. થોડા વર્ષો પહેલાં અહીથી થોડેક દૂર ખટિયા ગામ પાસે પાંચ હજાર વર્ષે જૂનું સ્મશાન મળી આવ્યું હતું અને ફુલરા બાળિયા ટેકરી પાસે પાંચ વર્ષ જૂનું પાન, મગરમચ્છના અવશેષો જીએમડીસી ખાણ વિસ્તારમાં લિગ્નાઈટ ઉત્પન્ન વખતે મળી આવ્યા હતા.

● જિલ્લા મથક ભુજમાં માવાના આઠથી દસ વેપારી છે. જેઓ ખાવડાના બન્ની-પચ્છમ અને અબડાસા પંથકના માલધારીઓ પાસેથી માવો ખરીદી વેપારીઓને વેંચે છે. માવાની ખરીદીના રોજે રોજના ભાવ હોય છે. જે સરેરાશ ૨૮૦ થી ૩૦૦ રૂા. પ્રતિ કિલોના હોય છે. સામાન્ય દિવસોમાં ૧૮૦૦ થી ૨૦૦૦ કિલોની આવક હોય છે જે દિવાળી પર્વની તહેવારોમાં ૨૫૦૦ કિલો માવો ભુજની બજારમાં આવે છે. આ વર્ષે સારા વરસાદના પગલે માવાની આવક વધી હોવાનું વેપારીઓ જણાવેલ છે. કચ્છી પેંડા, ગુલાબ પાક, ગુલાબ જાંબુ, મોહનથાળ સાથો સાથ હવે લાડુમાં પણ માવાનો ઉપયોગ શરૂ થયો છે. સમયાંતરે પશુઓની સંખ્યા વધવાની સાથો સાથ દૂધની સરખામણીએ માવાના સારા ભાવ મળવાના પગલે અનેક માલધારીઓ દૂધ ડેરીમાં વેચવાને પગલે અનેક માલધારીઓ દૂધનો માવો બનાવી વેંચતા થયા છે. કચ્છી માવો કચ્છમાં જ પૂરો થઈ જતો હોવાથી કચ્છ બહાર માવો નથી જતો પરંતુ આ માવાથી બનેલા કચ્છી પેંડા તથા ગુલાબ પાક જરૂર દેશ દેશાવર પહોંચે છે.

● સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓએ રાજ્ય સરકારની બેન્ડ સ્પર્ધામાં પશ્ચિમ ઝોનનું પ્રતિનિધિત્વ કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. કેવડિયાના સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે લોહ પુરૂષ સરદાર પટેલ જયંતિની ઉજવણીમાં એકતા પરેડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં બેન્ડનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી પ્રશંસા મેળવી હતી.

● જે દાન કરી શકે તે ધનના સાચા માલિક છે. બાકી બધા ધનના ચોકીદાર છે. આ ઉક્તિને ચરિતાર્થ કરનારા મૂળ માંડવી તાલુકાના ફરાદી ગામના પણ હાલ દુબઈ અને યુ.કે.માં કારા જવેલર્સ નામે વ્યવસાય કરતાં દાતા શિવભક્ત અને ગૌપ્રેમી અનિલભાઈ મણિશંકર પેથાણી કચ્છમાં અનેક મંદિરોના નવ નિર્માણ, પ્રાણ પ્રતિષ્ઠામાં દાનની ગંગા વહેડાવી છે. ધનતેરસના પર્વ દિને ૩૩ કોટિ દેવી દેવતાઓના વાસ છે. એવા ૭૦૦ ગૌ માતાઓને દતક લઈ ભીડભંજન હનુમાનજી ગૌશાળા વારાઈમાં રૂા.એક કરોડ પાંચ લાખનું દાન આપી સાચા અર્થમાં ધનલક્ષ્મીનું પૂજન કર્યું હતું. અત્રેની ગૌશાળામાં પાંચ હજાર ગાયોનું નિર્વાહન થાય છે. ગત વર્ષે પણ આ જ પ્રકારે અહીં આ જ સંસ્થામાં રૂા.૧ કરોડ પાંચ લાખનું દાન આપ્યું હતું.

● ગુજરાત સરકારે પ્રવાસ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા વિશેષ પોલિસી જાહેર કર્યા બાદ કચ્છ જિલ્લામાં હોમ સ્ટે કાર્યરત થવાનું ચલણ વધવા લાગ્યું છે. મોટા ભાગના હોમ સ્ટે ધોરડો અને ધોળાવીરા આસપાસ કાર્યરત છે. હોમ સ્ટે પોલિસી અંતર્ગત કચ્છમાં સતાવાર રીતે ૫૦૦ થી વધુ હોમ સ્ટે પ્રવાસન કચેરીના ચોપડે ચડી ચુક્યાં છે. હજુ ભુજ, માંડવી સહિતના સ્થળે હોમ સ્ટે સ્થાપિત થવા માટેની ઉજળી તકો રહેલી છે. પ્રવાસન ક્ષેત્રે સંકળાયેલા જાણકારોનું માનીએ તો કચ્છમાં હોમ સ્ટેનું ચલણ હજુ ય વધશે તો જિલ્લામાં તહેવાર અને વેકેશનના સમયે સર્જાતી રહેવાની સમસ્યાનું મહંદશે નિરાકરણ લાવી શકાશે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA